**આંક–૧ હેઠળ હુકમ :–**

૧. ફરીયાદીની ફરીયાદ વંચાણે લીધી. રેકર્ડ ઘ્યાને લેતાં ફરીયાદ ઘણાં લાંબા સમય પહેલાં કરેલ છે અને ફરીયાદી કે તેના વિ.વ.શ્રી પણ ઘણાં લાંબા સમયથી કોર્ટમાં હાજર રહેતા નથી અને ઘણાં સમયથી ફરીયાદ આગળ ચલાવવા કે તે અંગે કોઈ ખુલાસો કરવા કે કોઈ રજુઆત કરવા હાજર રહેતા નથી. આમ, ઘણા લાંબા સમયથી આ ફરીયાદ અત્રેની અદાલત સમક્ષ પડતર રહેલ છે અને આવા કેસો મોટી સંખ્યામાં અદાલતમાં પડી રહેવાના કારણે જે કેસોની કાર્યવાહી અદાલતને ખરેખર હાથ ધરી પક્ષકારોને ન્યાય અપાવવો જોઈએ તેવી અદાલતી કાર્યવાહીમાં ન્યાય વિલંબિત બને છે. વધુમાં આ કામે ફરીયાદીને સમન કરવામાં આવતા ફરીયાદી જે તે જગ્યાએ તપાસ કરતાં રહેતાં નથી, મળી આવતાં નથી તેવા બજવણી કરનારના શેરા સાથે સમન પરત ફરેલ છે.

૨. વધુમાં ભવાની ટેક્ષટાઈલ્સ મીલ્સ વિરૂઘ્ઘ સ્ટેટ ઓફ ગુજરાત, ક્રિમીનલ અપીલ નંબર ૨૪૦૫/૨૦૦૯ ગુજરાત હાઈકોર્ટ જજમેન્ટ તારીખ ૧૮.૦૧.૨૦૧૦ ના ચુકાદામાં નામદાર ગુજરાત રાજયની વડી અદાલતે જો ફરીયાદી પોતાની ફરીયાદમાં યોગ્ય પ્રક્રિયા અનુસરીને ન્યાયીક કાર્યવાહી આગળ ધપાવવામાં નિષ્ફળ જાય તો, તેવા કિસ્સામાં અદાલતે ફરીયાદીની ફરીયાદને ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવા સંબંધેનો ફરમાવેલો હુકમ ન્યાયોચીત હોવાનું ઠરાવેલ છે.

૩. આમ, આ કામે પણ આગળ ઉપર ચર્ચા કર્યા મુજબ ફરીયાદીએ ફરીયાદ દાખલ કર્યા બાદ ફરીયાદની ન્યાયીક કાર્યવાહી આગળ ધપાવવા સંબંધે કોઈ જ નોંધપાત્ર કાર્યવાહી હાથ ધરેલ નથી અને ઘણાં લાંબા સમયથી રૂબરુ હાજર રહેતાં નથી. સમનની બજવણી કરતાં તેઓ મળી આવતાં નથી, રહેતાં નથી તેવી હકીકત શેરા પરથી જણાઈ આવે છે. જે જોતા ફરીયાદીને હાલની ફરીયાદ ચલાવવામાં કોઈ રસ હોય તેવુ જણાતું નથી તેવા સંજોગોમાં હાલની ફરીયાદ સંબંધે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવો ન્યાયોચિત જણાય છે.

**–: હુ ક મ :–**

ફરીયાદીની ફરીયાદને ફરીયાદીનાં ગેરહાજરી રહેવાનાં કસૂરનાં કારણે આથી રદ કરવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૨૨/૪/૨૦૧૮ ના રોજ સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન જાહેર કર્યો.

**રાજકોટ**

**તા.૨૨/૪/૨૦૧૮**

**(કુ.કુસુમબેન દલપતભાઈ પરમાર)**
**૧૪ માં એડી.ચીફ જયુડી. મેજી.,રાજકોટ**
**યુ.આઈ.સી.નં. જીજે૦૧૦૧૬**